**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**
**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

# ઉકેલ પત્ર : સત્સંગ પ્રાજ્ઞ - દ્વિતિયખંડ

પ્રશ્નપત્ર - ૧

(સમય : સવારે ૯ થી૧૨) રવિવાર, ૪ માર્ચ, ૨૦૧૨ કુલ ગુણ : ૧૦૦

**અગત્યની સૂચના**

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ -પ્રશ્ન શરૂ થાય તે પહેલાંકરવી.

## (વિભાગ-૧ 'વચનામૃત' નવી આવૃત્તિના આધારે)

**અભ્યાસક્રમના વચનામૃતઃ** કારિયાણી : ૧૦, ૧૧, ૧૨ ગ. મ. : ૨, ૭, ૧૧, ૧૨, ૧૩, ૧૬, ૨૨, ૨૮, ૩૩, ૪૭,૫૧, ૫૫, ૫૯, ૬૧, ૬૩

**પ્ર.૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધ : અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. ગ.મ. ૧૨ પ્રમાણે કલ્યાણને અર્થે સર્વ સાધનથી મોટું સાધન કયું છે ? (ગ.મ.૧૨/૩૮૧)
જ. ગ.મ. ૧૨ પ્રમાણે કલ્યાણને અર્થે સર્વ સાધનથી મોટું પુરુષપ્રયત્નરૂપી સાધન છે.
૨. ગ.મ. ૩૩ પ્રમાણે નિષ્કામ વર્તમાનના કયા ત્રણ ઉપાય છે ? (ગ.મ.૩૩/૪૩૦)
જ. એક તો મનને વશ કરવું બીજું પ્રાણને નિયમમાં રાખવો, ત્રીજું દેહને નિયમમાં કરવો.
૩. વિષયની ઉત્પત્તિ ક્યાંથી થાય છે અને ક્યાંથી નથી થાતી ? (ગ.મ.૨/૩૫૩)
જ. વિષયની ઉત્પતિ તે તો ઇન્દ્રિયો થકી થાય છે, પણ અંતઃકરણમાંથી નથી થતી.
૪. ગ.મ. ૬૩ પ્રમાણે ભગવાનના ભક્તને શું સમજીને મનુષ્યભાવ લાવવો જ નહીં ? (મ.૬૩/૪૮૦)
જ. ગ.મ. ૬૩ પ્રમાણે ભગવાનના ભક્ત છે તે તો કેવળ બ્રહ્મની જ મૂર્તિઓ છે એમ સમજીને મનુષ્યભાવ લાવવો જ નહીં

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (ચારથી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૪)**

૧. પાકા સત્સંગીનાં ત્રણ લક્ષણો વર્ણવો. (ગ.મ.૬૧/૪૭૩)
જ. એક તો પોતાના ઈષ્ટદેવે જે નિયમ ધરાવ્યા હોય તે પોતાના શિર સાટે દૃઢ કરીને પાળે પણ એ ધર્મનો કોઈ દિવસ ત્યાગ ન કરે. બીજો ભગવાનના સ્વરૂપનો જે નિશ્ચય તે અતિશય દૃઢપણે હોય પણ તેમાં કોઈ સંશય નાંખે તો સંશયમાં પડે નહિ ને પોતાનું મન સંશયમાં નાખે તોય પણ સંશય પડે નહીં, એવો અડગ નિશ્ચય હોય, ત્રીજો પોતાના ઈષ્ટદેવને ભજતા હોય એવા જે સત્સંગી વૈષ્ણવ તેનો પક્ષ રાખવો. તે માબાપ જેમ દીકરા-દીકરીનો, પુત્ર પિતાનો, સ્ત્રી પોતાના પતિનો પક્ષ રાખે છે. તેમ ભગવાનના ભક્તનો પક્ષ રાખવો. આ ત્રણ વાનાં જેમાં પરિપૂર્ણ હોય તે પાકો સત્સંગી કહેવાય.
૨. શ્રીજીમહારાજે પોતાનું દૃષ્ટાંત આપીને સાચો ઈશક કેવી રીતે સમજાવ્યો છે ? (કા.૧૦/૨૪૨)
જ. અમે એકવીસ વર્ષ થયાં શ્રી રામાનંદ સ્વામી પાસે આવ્યા છીએ, તેમાં અનંત અનંત ભાતનાં વસ્ત્ર તથા અલંકાર તથા ખાનપાનાદિક તેણે કરીને સેવાના કરનારા અનંત ભક્ત મળ્યા છે, પણ અમારું મન કોઈ પદાર્થમાં લોભાણું નથી, શા માટે જે, અમારે ત્યાગનો જ ઈશક છે.
૩. તીવ્ર શ્રદ્ધાવાન પુરુષનાં કયા લક્ષણો છે ? (ગ.મ.૧૬/૩૯૩)
જ. જેને તીવ્ર શ્રદ્ધા હોય તેને જ્યારે ભગવાનને દર્શને આવવું હોય અથવા ભગવત્કથાવાર્તા સાંભળવી હોય તથા ભગવાનની માનસી પૂજા કરવી હોય ઇત્યાદિક જે જે ભગવાન સંબંધી ક્રિયા તેને કર્યા સારુ સ્નાનાદિક જે પોતાની દેહક્રિયા તેને અતિશય ઉતાવળો થઈને કરે. અને કાગળ લખીને અમે કોઈક વર્તમાન ફેરવ્યું હોય તો તેને કરવાને

અર્થે પણ આકળો થઈ જાય. અને મોટો માણસ હોય તોપણ ભગવાનનાં દર્શન સારુ બાળકની પેઠે આકળાઈ કરવા માંડે. એવાં જેનાં લક્ષણ હોય તેને તીવ્ર શ્રદ્ધાવાન જાણવો.

૪ ગ.મ. ૫૯માં શ્રીજીમહારાજે ભગવાનના સંતનો કેવો મહિમા જણાવ્યો છે ? (ગ.મ.૫૯/૪૭૦)

જ. ભગવાનના જે સાધુ છે તે તો ભવ-બ્રહ્માદિક દેવ થકી પણ અધિક છે. તે ભગવાન કે ભગવાનના સંતની જ્યારે પ્રાપ્તિ થઈ ત્યારે એ જીવને એથી ઉપરાંત બીજું કોઈ કલ્યાણ નથી, એ જ પરમ કલ્યાણ છે. અને ભગવાનના સંતની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને મળે છે પણ થોડા પુણ્યવાળાને મળતી નથી. માટે ભગવાનના સંત સાથે તો એવું હેત રાખવું જેવું હેત સ્ત્રી , પુત્ર, માબાપ ને ભાઈ ઉપર છે, એવું હેત રાખવું, તો હેતે કરીને જીવ કૃતાર્થ થઈ જાય છે.

**પ્ર.૩ નીચે આપેલાં દૃષ્ટાંતોમાંથી કોઈ પણ એક દૃષ્ટાંત લખી તેનો સિદ્ધાંત સ્પષ્ટ કરો. (ચારથી પાંચ લીટીમાં) (કુલ ગુણ ૩)**

**નોંધ : સિદ્ધાંત મૌલિક રીતે લખવાનો હોવાથી અહીં આપેલા જવાબ સિવાયનો સિદ્ધાંત પરીક્ષાર્થીએ લખેલો હોય તો તે દૃષ્ટાંતને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૨ ગુણ દૃષ્ટાંતના અને ૧ ગુણ સિદ્ધાંતનો આપવો.**

૧. **દરિદ્રીનું (ગ.મ.૭/૩૬૩) દૃષ્ટાંત :** જેને વૈરાગ્યની દુર્બળતા હોય તેને ટાળ્યાની શ્રદ્ધા હોય તોય સ્વભાવ ટળે નહિ. જેમ દરિદ્રી હોય તે ઘણાં સારા-સારા ભોજન ને સારા-સારા વસ્ત્રને ઈચ્છે પણ તે ક્યાંથી મળે ? તેમ વૈરાગ્યહીન હોય તેના હૃદયમાં ઈચ્છા તો હોય પણ સાધુતાના ગુણ આવવા ઘણા દુર્લભ છે.

**સિદ્ધાંત :** જે ગરીબ હોય તેને સારું ભોજન કે વસ્ત્ર નથી મળતું. તેમ જેનામાં વૈરાગ્ય ન હોય તેનામાં સાધુતાના ગુણ આવતા જ નથી. સાધુતાના ગુણ લાવવા માટે વૈરાગ્ય હોવો જ જોઈએ.

૨. **પૂંછલેલ ઢોરનું (ગ.મ.૧૩/૩૮૩) દૃષ્ટાંત :** જેમ પૂંછલેલ ઢોર હોય તેને માણસ બળાત્કારે કરીને જ્યાં સુધી ઊંચું ઝાલી રાખે ત્યાં સુધી રહે ને જ્યારે મૂકી દે ત્યારે ધબ લઈને પડી જાય, અને જેમ કોઈ પુરુષ સૂઝે એટલો બળિયો હોય ને દાંતે આખી સોપારી ભાંગી નાંખતો હોય અને તે પુરુષને દસ-વીસ કાગદી લીંબુ ચુસાવ્યાં હોય પછી તે શેકેલા ચણા પણ માંડ માંડ ચાવે, તેમ વિષય સન્મુખ બળાત્કારે વૃત્તિને જોડીએ છીએ તો માંડ માંડ જોડાય છે.

**સિદ્ધાંત :** મહારાજને કોઈ પણ વિષયમાં કે પદાર્થમાં વૃત્તિ છે જ નહિ, પણ ક્યારેક તેઓ કોઈક પદાર્થને વખાણે ત્યારે આપણને એમ લાગે જે આ પદાર્થ મહારાજને ગમ્યું. પણ તે સમય પૂરતું જ મહારાજને તે પદાર્થમાં વૃત્તિ બતાવે છે. પૂંછલેલ (માંદું) ઢોર હોય તેને ટેકો મળે ત્યાં સુધી જ ઊભું રહે છે પછી પડી જાય છે. લીંબું ચૂસવાથી દાંત અંબાઈ જાય તે શેકેલા ચણા કે જે પોચા હોય છે. તે પણ ચાવી શકાતા નથી. તેમ મહારાજની વૃત્તિ પણ કોઈ પદાર્થમાં રહેતી નથી.

૩. **સોનીની પેઢીનું (ગ.મ.૫૫/૪૬૩) દૃષ્ટાંત :** 'આપણ તો દેહ થકી પણ પૃથક્ આત્મા છીએ પણ દેહ જેવા નથી.' અને વળી અંતરમાં એમ વિચાર રહ્યા કરે છે જે, આત્માને વિષે રખે રજોગુણ, તમોગુણ આદિક કોઈક માયાનો ભાગ ભળી જાય નહિ, તેને ઘડીએ ઘડીએ તપાસતા રહીએ છીએ, જેમ સાડાસોળવલું કંચન હોય ને તેને સોનીની પેઢીએ લઈ જાય અને જો ધણીની લગારેક નજર ચૂકે, તો સોની સોનું કાઢી લઈને તેમાં રૂપું ભેળવી દે, તેમ આ હૃદયરૂપી તો સોનીની પેઢી છે. અને તેમાં માયારૂપી સોની છે.

**સિદ્ધાંત :** આપણે સોનીની ઉપર ગમે તેટલી નજર રાખીએ પણ સોની આપણી નજર ચૂકવીને તેમાંથી સોનું કાઢી લઈ રૂપું ભેળવી જ દે છે. તેમ આપણે ગમે તેટલા જાગ્રત રહીએ પણ માયા રૂપી સોની આપણામાં રજોગુણ, તમોગુણના ભાવ ભેળવી જ દે છે. માટે આપણે સતત જાગ્રત રહી અંતઃદૃષ્ટિ કરતા જ રહેવું જોઈએ અને માયાના ભાવ જેમ જેમ ભળતા જાય તેમ તેમ દૂર કરતા રહેવું જોઈએ.

**પ્ર.૪ નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગો અભ્યાસક્રમના વચનામૃતના સંદર્ભનું પ્રમાણ આપી સમજાવો. (ત્રણથી ચાર લીટીમાં) (કુલ ગુણ ૪)**

**નોંધઃ (૧) સમજૂતિ મૌલિક રીતે લખવાની હોવાથી અહીં આપેલા જવાબ સિવાયની સમજૂતિ પરીક્ષાર્થીએ લખેલી હોય તો તે પ્રસંગને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૧ ગુણ સંદર્ભનો અને ૧ ગુણ સમજૂતિનો આપવો. (૨) ઉકેલપત્રમાં આપેલા સંર્દભ સિવાય અભ્યાસક્રમમાં આવતા વચનામૃતમાંથી બીજો કોઈ પણ સંદર્ભ પરીક્ષાર્થીએ લખેલ હોય અને તે વિષયને અનુરૂપ આવતો હોય તો તેના ગુણ કાર્યાલયનું ધ્યાન દોરીને મૂકવા.**

૧. **જેવો શ્રીજીમહારાજનો પ્રતાપ તેવો જ ગુણાતીતાનંદ સ્વામીનો પ્રતાપ સૌએ અનુભવ્યો. (ગ.મ.૨૨/૪૧૦)**

**સંદર્ભ :** સાધુ થકી કોઈ મોટી બીજી મોટી પદવી નથી. જેમ રાજા હોય ને તેની રાણી હોય, તે જેટલામાં રાજાનું રાજ્ય છે તેટલામાં રાણીનું રાજ્ય પણ કહેવાય અને જેવો રાજાનો હુકમ ચાલે તેવો જ રાણીનો પણ હુકમ ચાલે, તેમ ભગવાનનો જેવો પ્રતાપ છે તેવો જ એ સાધુનો પણ પ્રતાપ છે. **સમજૂતિ :** શ્રીજીમહારાજ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે. અને ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષરબ્રહ્મ છે. એટલે જેવો શ્રીજીમહારાજનો પ્રતાપ છે. તેવો જ ગુણાતીતાનંદ સ્વામીનો પણ પ્રતાપ હોવાથી સૌને તેનો અનુભવ થયો.

૨. **ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી રામદાસ સ્વામી વંથલી ગયા તો ત્યાં કાંગરે કાંગરે શ્રીજીમહારાજનાં દર્શન થયાં. (કા.૧૧/૨૪૪)**

**સંદર્ભ :** તે ભક્ત ભગવાનની આજ્ઞાએ કરીને જ્યાં જ્યાં છે ત્યાં ત્યાં ભગવાનની મૂર્તિ પણ એ ભક્ત ભેળી જ જાય છે. **સમજૂતિ :** ભગવાન કે ભગવાનના એકાંતિક સંત જ્યારે આજ્ઞા કરતાં હોય છે ત્યારે આજ્ઞા ભેળી મૂર્તિ પણ આપતાં હોય છે. માટે તેમની આજ્ઞા પ્રમાણે કાર્ય કરવાથી ભગવાનની પ્રાપ્તિ થાય છે. માટે આજ્ઞા સારધાર પાળવી.

૩. **યયાતિ રાજાએ એક હજાર વર્ષ સુધી વિષય ભોગવ્યા તો પણ તૃપ્તિ થઈ નહીં. (ગ.મ.૪૭/૪૫૨)**

**સંદર્ભ :** જેમ પાતાળ સુધી પૃથ્વી ફાટી હોય તેને પાણીએ કરીને ભરવા માંડીએ તે ક્યારેય ભરાય નહિ. તેમ ઇન્દ્રિયો છે તેને ક્યારેય વિષય થકી તૃપ્તિ થઈ નથી ને થશે પણ નહિ. **સમજૂતિ :** પંચવિષયની અતૃપ્તિને કારણે માણસને હંમેશા ખાલીપો અનુભવાય છે. તે આ ખાલીપો જ તેને દુઃખી કરી મૂકે છે. જેમ જેમ મનુષ્ય વિષય ભોગવતો જાય તેમ તેમ તેની તૃષ્ણા વધતી જ જાય છે. વિષય ભોગવ્યામાં સંતોષ થતો જ નથી.

૪. **શ્રીજીમહારાજ ઢોલિયા પરથી ઉતરીને પર્વતભાઈ પાસે જઈને નીચે બેઠા. (ગ.મ.૨૮/૪૨૦-૪૨૧)**

**સંદર્ભ :** જો ભગવાનનો ખરેખરો ભક્ત હોય તો હું તો તે ભગવાનના ભક્તનો પણ ભક્ત છું. અને હું ભગવાનના ભક્તની ભક્તિ કરું છું. એજ મારે વિષે મોટો ગુણ છે. **સમજૂતિ :** મહારાજ એક વખત ઢોલિયા ઉપર બિરાજમાન હતા. ત્યારે બધાને પ્રશ્ન કર્યો જે ઢોલિયાના સત્સંગી હોય તે પાસે આવીને બેસે. સૌ ઊભા થઈને ઢોલિયાની પાસે જઈને બેઠા. એક પર્વતભાઈ ઊભા ન થયા. છેલ્લા બેસી રહ્યા. ત્યારે મહારાજ ઊભા થઈને પર્વતભાઈ પાસે જઈને બેસે ને કહે છે. હું તો ભક્તનો પણ ભક્ત છું. ઢોલિયાનો નથી. માટે આપણે કોઈ પદાર્થના ભક્ત ન થતાં. ભક્તના ભક્ત થાવું.

**પ્ર.૫ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો. (કુલ ગુણ ૬)** **નોંધ : વચનામૃત ક્રમાંક ન લખ્યો હોય તો ચાલે.**

**૧.** માટે ભગવાનની આજ્ઞાએ કરીને ભગવાનની પ્રસન્નતાને અર્થે ભગવાનનો ભક્ત જે જે કર્મ કરે છે તેનો કોઈ રીતે અવગુણ જો લે તો તેના હૃદયને વિષે કુટુંબે સહિત અધર્મ આવીને નિવાસ કરે છે. (ગ.મ.૧૧/૩૭૯)(૧૧)

**૨.** અને તે સ્વરૂપને તો તમે પણ દેખો છો પણ તમારા સમજ્યામાં પરિપૂર્ણ આવતું નથી. અને જ્યારે એ વાર્તા સમજ્યામાં આવશે ત્યારે પંચવિષય કે કામ, ક્રોધાદિક સ્વભાવ તે જીત્યામાં પ્રયાસ થશે નહિ, સહજે જિતાઈ જશે. (ગ.મ.૧૩/૩૮૪) (૧૨)

**૩.** જ્યારે એ જીવને સંતનો સમાગમ મળે ને તે સંતને વચને કરીને પરમેશ્વરનું સ્વરૂપ ઓળખ્યામાં આવે ને તે પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન કરે ને તે પરમેશ્વરના વચનને હૃદયમાં ધારે તેણે કરીને એ કારણ શરીર છે તે બળીને ખોખા જેવું થઈ જાય છે. (કા.૧૨/૨૪૫) (૬)

વિભાગ - ૨ : ભગવાન સ્વામિનારાયણ જીવનચરિત્ર ભાગ ૨, ૩ તથા ૪ નવી આવૃત્તિના આધારે
(ભાગ - ૨, ઉદ્‌ગીથ : ૧૧, ૧૪, ૧૭, ૧૯, ૨૦, ૨૫, ૨૬, ૨૮ ભાગ - ૩, ઉદ્‌ગીથ : ૧, ૨, ૪, ૬, ૮, ૯, ૧૦, ૧૪, ૧૫ ભાગ - ૪ ઉદ્‌ગીથ : ૩ અને ૪ આધારે)

નોંધ :- (૧) પ્રશ્ન : ૬ થી ૯ માટે અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી.

પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં) (કુલ ગુણ ૧૨)

**નોંધ : બે પ્રસંગ વર્ણનાત્મક અને બે થી ત્રણ જ લીટીમાં ઉલ્લેખ હોય તેવા બીજા ચાર પ્રસંગ સાથે કુલ છ પ્રસંગ હોવા જરૂરી છે.**

**૧. શ્રીજીમહારાજે ડભાણ મહાયજ્ઞમાં બતાવેલ ઐશ્વર્ય-પ્રતાપ**

| | | |
|---|---|---|
| ૧. | હળવદમાં એકમણ જેટલી સામગ્રી મહારાજ જમી ગયા પછી શિવશંકર જાનીને ત્યાં થાળ જમ્યા. | ૩/૩૪ |
| ૨. | અમે કહ્યે બાપો ન ઓળખાય. એ તો બીજાની સાખ્યે ઓળખાય ! જાલમસિંહ બાપુને. | ૩/૪૦ |
| ૩. | દાદાખાચર મહારાજની પૂજા કરે છે. | ૩/૪૫ |
| ૪. | રોઝાને કૂંડાળે નાખ્યો. | ૩/૪૮ |
| ૫. | યજ્ઞ માટેની સામગ્રી કેવી રીતે આવી ? એ કામ કરનાર ભગવાન બીજા અને આ પૂછનાર ભગવાન બીજા ? | ૩/૫૦,૫૧ |
| ૬. | યજ્ઞનો પ્રારંભ - યજ્ઞના મુખ્ય યજમાનો - આટલી બધી સામગ્રી મોકલે છે કોણ ? | ૩/૫૧-૫૩ |
| ૭. | વડતાલનો જોબનપગી ઘોડા ચોરવા આવે છે. | ૩/૫૪ |
| ૮. | વામી બ્રાહ્મણોના મનસૂબા - ઘીના ખાલી કુંડલામાં ઘી છલોછલ ભરેલું દેખાયું. | ૩/૫૫-૫૬ |
| ૯. | વામી બ્રાહ્મણોના મનસૂબા અધૂરા રહ્યાં - સ્વામિનારાયણીય ભક્તિ - કાલનો દિવસ અપૂર્વ છે. | ૩/૫૮-૬૦ |
| ૧૦. | જોબનપગીને આગળ બોલાવો - આજે ભક્ત જોબન જન્મે છે. | ૩/૬૧-૬૨ |
| ૧૧. | ધર્મ એ ન્યાત, જાત કે ઊંચ-નીચની ગણના કરવાનો વાડો નથી. | ૩/૬૨ |
| ૧૨. | જોબનનું અંતર બોલતું હતું - પ્રભાતગરને મહારાજના સ્વરૂપનો નિશ્ચય. | ૩/૬૨-૬૩ |
| ૧૩. | અનાદિ અક્ષરબ્રહ્મને ભાગવતી દીક્ષા અપાય છે. | ૩/૬૫ |
| ૧૪. | શતાનંદ મુનિનું આગમન. | ૩/૬૭ |
| ૧૫. | ડભાણના યજ્ઞનાં દર્શન આધોઈનાં કરણીબાને થાય છે. | ૩/૬૯ |
| ૧૬. | સુરતમાં ડભાણની દિવ્યલીલાનાં દર્શન - સુરતના ભિખારીદાસની પુત્રી જમનાને. | ૩/૭૦ |
| ૧૭. | સોરઠના હરિભક્તોને દિવ્ય દર્શન. | ૩/૭૦-૭૧ |

**૨. અપમાન અને રાગદ્વેષના પ્રસંગોમાં શ્રીહરિની અધ્યાત્મસ્થિતિ અને ઐશ્વર્ય.**

| | | |
|---|---|---|
| ૧. | પાંચસો સંતોને પરમહંસ દીક્ષા. | ૨/૨૬૦-૨૬૧ |
| ૨. | તુમ ક્યા જીવનમુક્તા હૈ ? ‘તમારાં ભાગ્ય જાગે ત્યારે આ હાથની પ્રસાદી જમવા આવજો.’ | ૨/૩૦૭ |
| ૩. | જગજીવન મહેતા - મહારાજ જગજીવનના યજ્ઞમાં પધાર્યા. | ૨/૩૦૯-૩૧૩ |
| ૪. | પેશ્વાના સૂબાનું કાવત્રું | ૨/૪૪૦-૪૪૩ |
| ૫. | વામાચારી બ્રાહ્મણ મહારાજને મારવા આવે છે. | ૨/૪૬૧-૪૬૨ |
| ૬. | જગજીવનનો ક્રોધાગ્નિ ભડકે બળે છે. | ૩/૨૩ |
| ૭. | જગજીવન ગંગારામ મલ્લને ત્યાં આરબ મોકલે છે. | ૩/૨૭ |
| ૮. | મહારાજ વીસનગરમાં | ૩/૧૨૨-૧૨૪ |
| ૯. | વાસૂરખાચરની ડેલીએ | ૩/૧૩૨ |
| ૧૦. | આણંદમાં વિરોધનો વંટોળ | ૪/૪૮-૫૩ |
| ૧૧. | બાબાજી દીવાન મૃત્યુ પામે છે. | ૪/૫૫ |

૩. **મુક્તાનંદ સ્વામીએ કરેલો દિગ્વિજય અને મહારાજની ઉદાસીનતા**

**મુક્તાનંદ સ્વામીએ કરેલો દિગ્વિજય :** ૧. વેદાંતાચાર્ય વડોદરામાં ઉપજાવી કાઢેલી બનાવટી વાતો વડોદરાના દિવાનને કરી - દિવાનની ગાયકવાડ પાસે રજૂઆત. ૪/૫૮-૫૯

૨. વેદાંતાચાર્ય સાથે ફરીથી શાસ્ત્રાર્થ : ગાયકવાડ સરકારે વેદાંતાચાર્યનો દંભ ખુલ્લો પાડવા મહારાજને મોકલેલો વિનંતી પત્ર - મહારાજે શાસ્ત્રાર્થ માટે મુક્તાનંદ સ્વામીને જવા કરેલી આજ્ઞા. ૪/૬૦

૩. સયાજીરાવ મુક્તાનંદ સ્વામીના દર્શને - શાસ્ત્રાર્થની જાહેરાત. ૪/૬૧

૪. વેદાંતાચાર્યનો દંભ ઉઘાડો પડે છે. - મુક્તાનંદ સ્વામીનો વિજય. ૪/૬૨-૬૪

**શ્રીજીમહારાજની ઉદાસીનતા :** ૧. વડોદરામાં મુક્તાનંદ સ્વામીના વિજયથી મહારાજ પ્રસન્ન થાય છે. ૪/૬૫

૨. મહારાજે સાકર મંગાવી વહેંચી - અમને મોકલ્યા હોત તો અમે પણ દિગ્વિજય કરીને આવત - નિર્વિકલ્પાનંદ અને હર્યાનંદ. ૪/૬૬

૩. અમે હવે આ સત્સંગમાં રહીશું નહિ. - મહારાજ. - મહારાજે બસો જોડ ચરણારવિંદ પાડીને આપ્યા. ૪/૬૭

૪. મહારાજ ઉદાસ થાય છે - આદરજમાં અન્નકૂટ કરવા માટે નક્કી કર્યું. ૪/૬૮-૬૯

**પ્ર.૭ નીચે આપેલાં વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો.**
**(દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા.) (કુલ ગુણ ૮)** **નોંધ : દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

૧. **આજ્ઞાનો ભંગ - વિશ્વાસચૈતન્યાનંદ સ્વામી અને રવજી સુથાર**

૧. **વિશ્વાસચૈતન્યાનંદ સ્વામી :** ભુજમાં ધનજી સુથારને ઘેર સંતોની ઓરડીમાં વિશ્વાસચૈતન્યાનંદ સ્વામી - જીવનપર્યંત સુરતમાં રહેવા કરેલી આજ્ઞાની મહારાજે અપાવેલી યાદ - સ્વરૂપાનંદ સ્વામીએ તમને આજ્ઞા કરી કે તમે તેમની પાસે આજ્ઞા કરાવી ? - આજ્ઞા પળાવવામાં મહારાજ કઠણ - મહારાજ 'એ પ્રકારના અનુશાસન વગર વિના જીવ કેવળ વિષયનો કીડો થઈ રહે.' ૩/૭-૮

૨. **રવજી સુથાર :** રવજી સુથાર બ્રહ્મમોહોલમાં જતા ને બીજાને પણ તેડી જતા - કચ્છમાં સત્સંગ કરાવવાની મહારાજની આજ્ઞા - ચાર વાનાં કરવાની ના - આજ્ઞા લોપી - સુંદરજીભાઈએ વાલજી સુથાર સાથે કાગળમાં વિગત લખી મોકલી - ગોપાળાનંદ સ્વામી 'આજથી જ તેની સિદ્ધિ ગઈ. હવે તે રંધો ને વાંસલો ફેરવતો થઈ ગયો. - રવજીના અંતરમાં પશ્ચાતાપ - હું અભાગિયો મહારાજનો સમોવડિયો થયો ! પૂર્ણ પુરુષોત્તમ નારાયણની સામે મેં હામ ભીડી છતાં દયાળુ મહારાજે હરભમને મારો વહેવાર સાચવવાની કરેલી ભલામણ - રાતનો વધેલો રોટલો બાંધીને સાંતી હાંકવા ન વધ્યો હોય તો પાણી પીને - સ્ત્રી કહે તેનાથી ઊંધું જ કરે - મહારાજે જ શીખવાડેલું - આમ ન કરે તેને માથે બે જમપુરી - રવજીના દેખતા આવી વાત ન થાય - સાધુ થવું છે ? - દીક્ષા આપી રામદાસ નામ રાખ્યું. ૩/૯-૧૨

૨. **ગરીબ નિવાજ શ્રીહરિ**

૧. વિશ્રામ ભગતના મઠની ખીચડી જમ્યા. ૨/૩૧૪

૨. મહારાજ જીવણ ભક્તનો થાળ જમે છે. ૨/૪૩૩

૩. અમારે બ્રાહ્મણોને ચોરાશી થઈ ગઈ - કોળી, ઠાકરડા, ભીલને જમાડ્યા - ચોરી, છીનાળી, દારૂ બંધ કરાવ્યા. ૨/૪૪૭

૪. તારો મોક્ષ કરીશું અને તારા સંકલ્પ પ્રમાણે તારી ત્રીસ વીઘાં જમીન પણ તને મળી જશે - વાડીવાળા છોકરાને પાણીના બદલામાં આપેલા આશીર્વાદ. ૩/૧૬૦

૫. લાખા પટેલ અને દેવા પટેલનાં ઘેર મહારાજ ખભા ઉપર મોભ ઊંચકે છે. ૩/૧૭૮

૩. **જાળિયામાં શ્રીહરિની મંદવાડ લીલા**

૧. જાળિયામાં હિરાભાઈને ત્યાં મહારાજ મંદવાડ ગ્રહણ કરે છે - મંદવાડની તીવ્રતા. ૩/૨૭૫-૨૭૬

૨. એ બધા બાયલા છે - મને પાશેર જલેબીની ના પાડો છો ? ૩/૨૭૭-૨૭૮

૩. ગંગાનું પાણી લાવો, અમારે નહાવું છે - આ ગાડાને ખેંચીને લાબું કરો. ૩/૨૭૯-૨૮૦

૪. નગા બાબરિયાને વિરાટ સ્વરૂપનાં દર્શન - આ ભગુજી તો સાવ ફોસી છે. ૩/૨૮૨

૫. જાળિયાના ભક્તોએ નિર્દોષબુદ્ધિ રાખી છે. ૩/૨૮૩

**પ્ર.૮ નીચે આપેલાં પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગ વર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખો. (કુલ ગુણ ૧૨)**

**નોંધ : ૩ ગુણ પ્રસંગોના અને ૧ ગુણ મનનનો આપવો. મનન અહીં આપ્યા કરતાં જુદું પણ હોઈ શકે પણ વિષયને અનુરૂપ હોય તો તેના પૂરેપૂરા ગુણ આપવા.**

૧. **મૂળુખાચરનું પરિવર્તન (૨/૧૯૫-૧૯૭, ૨૦૬)** મહારાજ 'મૂળખાચર, તમે વર્તમાન ધરાવી સત્સંગી થાઓ.'- મૂળુખાચર 'મારે હોકાનું અને અફીણનું બંધાણ છે તે નિયમ ન પળાય.' - સુરાખાચર 'એનાથી સત્સંગી નહિ થવાય. બંધાણ ભારે છે.' - મહારાજ 'ભલે હોકો પીએ, અફીણ ખાય પણ વર્તમાન ધરાવીને કંઠી પહેરે.' - મૂળુખાચરે વર્તમાન લીધા - મહારાજે ગુજરાત આવવા કરેલી આજ્ઞા - ઝીંઝાવદર અને કારિયાણીની વચ્ચે નિષ્કુળાનંદ સ્વામી અને વરદાનંદ સ્વામીએ મહારાજને નવરાવવાની વાત કરી. - મહારાજ 'પહેલાં મૂળુખાચરનો હોકો ધોવરાવો તથા બીજાને પાણી પાવ પછી અમે નાહીએ - 'ઓલ્યો હોકાવાળો સત્સંગી નથી લાગતો. સ્વામિનારાયણના સત્સંગી હોકા-બીડી પીવે નહિ.' - મૂળુખાચર 'આ હોકાએ મને સત્સંગી મટાડી દીધો ? ' મૂળુખાચરે હોકો ફોડી નાખ્યો. - વરતાલમાં કાઠી હરિભક્તોના દર્શને સૌ આવવા લાગ્યા - 'કાઠી ભક્તો ભેળા આ આવ્યા છે, પણ સત્સંગી લાગતા નથી.' - બધુંય અફીણ ફેંકી દીધું - મહારાજ 'મૂળુખાચરના હોકાપાણીનો બરોબર બંદોબસ્ત થયો છે ને ?' - મૂળુખાચર ' મેં તો હોકાય ફોડી નાખ્યો અને અફીણે નાંખી દીધું' - 'હોકો કુસંગીના વચનથી ફોડ્યો અને અફીણ સત્સંગીના વચનથી મેલ્યું.'

**મનન :** ગમે તેવો જીવ હોય પણ ભગવાન અને સંત તેને સ્વભાવ સહિત પોતાના શરણમાં લે છે. સત્સંગના યોગથી વગર ઉપદેશે તેનું પરિવર્તન થઈ જતું હોય છે.

૨. **'હું જ મહારાજને જમાડવા આવું છું.' (૩/૪૧૭)** ધરમપુરમાં મોડી રાત સુધી સંગીતની મહેફિલમાં મહારાજને જમાડવાનું ભુલાઈ ગયું. - મોડી રાતે મહારાજે બ્રહ્મચારીને ઊઠાડીને જમવાનું માંગ્યું - બ્રહ્મચારી રાજમાતાને આવાસે - રાજમાતા 'કેટલો બધો અપરાધ થઈ ગયો ?' - મહારાજ માટેનું સીધું હું અહીં જ રાખું છું - જીવુબાએ રોટલા બનાવ્યા - રોટલાને દહીં માટલી - હું જ મહારાજને જમાડવા આવું છું - મહારાજે બ્રહ્મચારીને આપેલો ઠપકો - રાજમાતા 'બ્રહ્મચારીએ જ બધું તૈયાર કર્યું છે.' - પ્રસંગે જૂઠું બોલવું એ પણ સત્યથી મીઠું લાગે છે.

**મનન :** ભક્ત હંમેશા ભગવાનની સેવામાં તૈયાર જ રહે છે. બીજા ભક્તનો વાંક પેતાને માથે લઈને તેને મળતા ઠપકાથી બચાવે છે. મહારાજ પણ ભક્તના મનની વૃત્તિ હંમેશા પોતાનામાં જોડાયેલી રહે તેથી મનુષ્ય ચરિત્ર કરતાં હોય છે.

૩. **'આજે બ્રહ્માંડ બોળી દેવામાં મને સંકોચ થશે નહીં.' (૨/૪૬૮)** મહારાજની આજ્ઞાથી અમદાવાદમાં કાંકરિયે મુક્તાનંદ સ્વામી કથા કરતા હતા - લોલંગરે આવીને સ્વામીને ખૂબ માર્યા - સ્વામીના આંખમાંથી લોહી નીકળવા લાગ્યું - મહારાજ 'સ્વામી ! મારો અત્યંત દયાવાળો સ્વભાવ છે પણ બ્રહ્માંડમાં જો આવા જ જીવ ભર્યા હોય તો બ્રહ્માંડને બોળી દેવામાં મને સંકોચ થશે નહિ. કાળે વિષમતા ધારીને મર્યાદા લોપી છે. તેથી આજે કાળની પણ સાન ઠેકાણે લાવવી છે.' - મુક્તાનંદ સ્વામી ' આપ તો સાક્ષાત્ પરમાત્મા છો. આપને આવું કરવું ન ઘટે.' - મહારાજ ' આ અસુરોના યોગે બીજાના અંતરમાં પણ અસુરભાવ પ્રવેશશે. મુમુક્ષુતા મરી પરવારશે. માટે તેમનું નિકંદન કાઢી નાખવું જ પડશે.'

**મનન :** ભગવાન બધાય ગુના માફ કરે છે પણ ભક્તનો દ્રોહ કરે તે ક્યારેય સહન કરતા નથી. ભક્તનો દ્રોહ કરનારને દંડ આપે જ છે.

૪. **વખતબાનું શૂરાતન (૨/૪૭૫-૪૭૬)** અમદાવાદમાં લોલંગરની ઉપાધિથી ડરીને મહારાજ વહેલાલ પધારે છે. - વખતબા 'મહારાજ ! તમારી બીકથી અમને શૂરાતન ચડે છે. આદમી જ તમારું રક્ષણ કરી શકશે એવું નથી અમે પણ આ ગોફણો વાપરી શકીએ તેમ છીએ.' - મહારાજ 'બોલાવો બધાં બૈરાંઓને.' - વખતબાએ ફૂંકેલું રણશિંગું - તીરકામઠાંવાળા સૈનિકો અને સાંબેલાં સાથે બૈરાંઓ આવી ગયા - લોલંગરના બાવાઓ પર વખતબાએ ગોફણો વડે પથ્થરોનો મારો અને સૈનિકોએ તીરોનો મારો ચલાવ્યો. - કાઠી ગરબારો અને જેસિંગભાઈ વગેરે આવી ગયા. - જેસિંગભાઈએ તીરકામઠાંવાળાઓને હુકમ કર્યો 'તેમની પાછળ પડો અને એક એકને વીંધી નાખો.'- લોલંગરનું

લશ્કર વેરવિખેર થઈ ગયું. **મનન :** ભગવાનના મનુષ્ય ચરિત્રમાં પણ સાચા ભક્તો આનંદ લે છે. ભગવાનની મરજી જોઈને તે પ્રમાણે કાર્ય કરે છે.

૫. **આ દહીંસરા ગોલોક તુલ્ય છે. (૨/૩૧૫)** મહારાજ દહીંસરામાં ઉકાને ઉપદેશ આપતાં 'એક વખત વૈકુંઠનાથ ગરુડજીને લઈને અહીં આવ્યા અને ગરુડજીને કલ્પવૃક્ષ સાથે બાંધીને બેઠા. તે સ્વરૂપનું ધ્યાન કરો.' - ઉકાએ મહારાજને કહ્યું : 'વૈકુંઠ શું છે તે જ હું જાણતો નથી. ગરુડ કે કલ્પવૃક્ષ મેં જોયા નથી.' - મહારાજ : 'આ દહીંસરા તે ગોલોક છે, આ કરલો (ઊંટ) તે ગરુડ અને આ ખીજડાને કલ્પવૃક્ષ જાણો.' - મહારાજના સંબંધથી જડ અને ચેતન વસ્તુ કેટલી મોટપને પામે છે. તે સમજાવ્યું.

**મનન :** ભગવાન અને ભગવાનના સંબંધથી તુચ્છ જેવી વસ્તુની પણ મોટપ વધી જાય. જેમ લક્ષ્મીના સંબંધે નાથાલાલ કહેવાતો તે સંબંધ ન હોય તો નાથિયો કહેવાય તેમ. આપણને આજે જે કાંઈ પ્રાપ્તિ થઈ છે. તે કેવળ ભગવાન અને સંતના સંબંધથી જ છે.

**પ્ર.૯ નીચે આપેલા પાત્રોમાંથી કોઈ પણ <u>એક</u> પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. (કુલ ગુણ ૮)**

**નોંધ : પાત્રના પ્રસંગો વધારે હોય તેથી બધા જ પ્રસંગોનું વર્ણન હોવું જરૂરી નથી. ૬ ગુણ પ્રસંગોના અને ૨ગુણ વ્યક્તિત્વના આલેખનના આપવા.**

**૧. નિષ્કુળાનંદ સ્વામી**

૧. મહારાજની આજ્ઞાથી મૂળુખાચરનો હોકો ધોવરાવ્યો. ૨/૧૯૬

૨. ડભાણ યજ્ઞની અઢાર વીઘાંની જમીનમાં ઉત્તર - દક્ષિણ દિશામાં બે મોટા સિંહાસન મહારાજ માટે બનાવ્યાં. ૩/૫૧

૩. સારંગપુર ફુલદોલોત્સવ સમયે ગઢપુરના હરિભક્તોએ બનાવેલા ફૂલોના શણગાર ગુણાતીતાનંદ સ્વામીની સાથે લઈને આવ્યાં ૩/૨૨૨

૪. ડાંગરવાના જતનફૈબા અને અન્ય સ્ત્રીઓએ મહારાજ પાસે માગેલા ફગવા મહારાજની આજ્ઞાથી સૌને નિરંતર પ્રેરણા મળે માટે ભક્તચિંતામણીમાં નોંધી લીધું. ૩/૨૨૭

૫. ભિક્ષામાં મળેલ અનાજમાં સંતમંડળ જમી રહે પછી જે વધ્યું હોય તે સદાવ્રતમાં આપતા. ૩/૨૪૭

૬. મહારાજના ચરિત્રોના ગ્રંથો પ્રાકૃત ભાષામાં રચતા. ૩/૨૮૫

**વ્યક્તિત્વનું આલેખન :** મહારાજની રૂચિ પ્રમાણે નીચામાં નીચી સેવા પણ કરતા. સુથારી કામ સારું જાણતા હતા. તેથી પોતાની કળાને ભક્તિ માર્ગે વાળી મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત કરતા. ભક્તચિંતામણીમાં ફગવાનું પ્રકરણ લખીને પૃથ્વીનું તળ રહે ત્યાં સુધી મુમુક્ષુઓએ ભગવાન પાસે શું માંગવું જોઈએ અને શું ન માંગવું જોઈએ તેનું માર્ગદર્શન પૂરૂં પાડ્યું છે. ઈષ્ટદેવની આજ્ઞા પ્રમાણે પ્રાકૃત ભાષામાં મહારાજના ચરિત્રો લખીને સૌ ભક્તોને મહારાજના દિવ્યચરિત્રોને લોકભોગ્ય બનાવ્યાં.

**૨. દાદાખાચર**

૧. ડભાણમાં દાદાખાચરે મહારાજનું પૂજન કર્યું ત્યારે ફૂલહારને ગજરા લઈને આવેલા માળીને એક સોનામહોર આપી. ૩/૪૫

૨. મહારાજે દાદાખાચરના તમામ ઢોર વેચાવી અનાજ લેવડાવી કોઠારો ભરપુર કર્યા. ૩/૨૪૧

૩. મહારાજ : 'દાદા ! હું તને મૂકીને ક્યાંઈ જઈ શકું નહીં. જ્યાં જાઉં ત્યાં તારો સાદ સંભળાય છે. ૩/૨૬૪-૨૬૫

૪. આ.સં. ૧૮૬૯નો ફૂલદોલનો ઉત્સવ મહારાજે દાદાના દરબારમાં કર્યો. ૩/૨૬૯-૨૭૦

૫. દાદાના દરબારમાં રાત્રી સદાવ્રત. ૩/૨૭૧

૬. મહારાજ દાદાને 'ભગવાન પ્રત્યેની ભક્તિ તો ગમે તેટલી કરીએ તોપણ તેનો અંત આવતો નથી.' ૩/૨૮૪

૭. દાદાખાચર મહારાજને ‘અમે તો જીવદશાવાળા એટલે દેહ પડે ત્યાં સુધી સ્વભાવ ન મૂકીએ. આપ આવા નમેરા થશો તો અમારું કલ્યાણ કેમ થશે ?’ - સોમબા ફુઈની વાણીનો દોષ. ૩/૩૫૩

૮. મહારાજ : ‘દાદાની રક્ષા માટે હવે અમે રહીશું. તેને દુઃખ પડે તે અમારાથી સહન થતું નથી.’ ૩/૩૫૫

૯. જલેબી-મોતિયા લાડુ પીરસતાં મહારાજ : ‘સંતો ! જમો. દાદાખાચરનો ભાવ છે.’ ૩/૩૫૯

૧૦. જ્ઞાનના વાતો કરતાં ભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપની વાત સાંભળવાથી ઇન્દ્રિયો, અંતઃકરણ સ્થિર થાય છે. - દાદાખાચરની સમજણથી પ્રસન્ન થયેલા મહારાજ. ૩/૩૭૧

૧૧. દાદાખાચર ‘હવે તો મહારાજના દર્શન થાય તો સારું.’ - મહારાજ ‘અમારાથી પણ હવે નહીં રહેવાય. ૩/૪૧૪

**વ્યક્તિત્વનું આલેખન :** દાદાખાચરને મહારાજનો ખૂબ મહિમા તેથી અલ્પ કિંમતમાં મળતા હારગજરાની એક સોનામહોર ચૂકવી. મહારાજની આજ્ઞા પાળવામાં સદાય તૈયાર રહેતા દાદાએ પોતાના તમામ ઢોર એકપણ પ્રશ્ન પૂછ્યા સિવાય વેચી દીધા. બીજાના દોષ માથે લઈને પણ મહારાજને રાજી કરતા. બીજાના જીવનું પણ કલ્યાણ થાય તેમ કરતા. શાસ્ત્રોની વાતો કરતાં પણ પ્રત્યક્ષ સ્વરૂપમાં તેના લીલાચરિત્રોમાં જ શાંતિ છે. તેવી સમજણ કેળવી હતી. તેથી મહારાજ વિચરણ કરી આવતા ત્યારે બધી લીલા વિષે પૂછતા. મહારાજ વિશે અતિશય નિર્દોષ બુદ્ધિ તેમને હતી.

### વિભાગ - ૩ : ‘યોગીજી મહારાજ’ નવી આવૃત્તિના આધારે - સામાન્ય જ્ઞાન નિબંધ

**પ્ર.૧૦ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૧૨)**

**૧. વિજ્ઞાનદાસની આકરી કસોટીએ યોગીજી મહારાજ**

૧. આકરી તાવણી સર્વાંગ સાધુપણું - ગુરુના પ્રકોપ વચ્ચે શાંત, ધીર ગંભીર - સહિષ્ણુતાએ સાધુપણાનું ઝળહળતું પાસું - શિક્ષાપત્રીનો શ્લોક કોઈ મારે, ગાળ દે તો સહન કરવું. ૪૫

૨. દરબાર રસોઈના સીધામાં ઘી આપવાનું ભૂલી ગયા તેનો દંડ યોગીજી મહારાજને વેઠવો પડ્યો. ૪૬-૪૭

૩. યોગીજી મહારાજે જૂનાગઢ નજીકના સ્ટેશને સામે લેવા આવવા હરિભક્તોને પત્ર લખ્યો હતો છતાં કોઈ ન આવ્યું. તેનો ગુસ્સો વિજ્ઞાનદાસે યોગીજી મહારાજ પર ગાળોનો વરસાદ. ૪૭

૪. સુથાર ભક્તને અફીણનું વ્યસન - છૂટે નહીં - વિજ્ઞાનદાસ દ્વારા છોડાવવાનો પ્રયાસ - યોગીજી મહારાજને તેની સ્થિતિથી દયા - થોડું લાવી આપવા બીજા ભક્તને વિનંતી - વિજ્ઞાનદાસને જાણ - સ્વામીશ્રીને ઠપકો, માર. ૪૯

૫. યોગીજી મહારાજની લોકપ્રિયતાની વિજ્ઞાનદાસને ઈર્ષા - યોગીજી મહારાજની જમવાની તૈયારીને - ઉપવાસ આપ્યો. ૪૯

૬. જમવાની તૈયારી યોગીજી મહારાજે કરી ત્યાં વિજ્ઞાનદાસ સ્વામીએ ‘સ્વામીની વાતો’ ચોથા પ્રકરણની ૧ થી ૧૦ બોલવાની આજ્ઞા - પત્તર પાણીથી ભરી દીધું - વાતોમાં ભૂલ પડે તો વેલણથી પ્રહાર. ૫૦

૭. મીરસાપુરમાં વિજ્ઞાનદાસ દ્વારા એકાએક ઉપવાસની આજ્ઞા. ૫૦

૮. અસત્યનો આશરો લઈ વિજ્ઞાનદાસ સ્વામી પોતાનો દોષ યોગીજી મહારાજ પર ઢોળતા. ૫૧

૯. સાણસીથી પગની પીંડી પર ચીપટી - ચામડી સાથે માંસ બહાર - લોહીની ધાર - બેભાન શિષ્યને મૂકીને કઠોર હૃદયી ગુરુ ચાલ્યા ગયા. ૫૨

૧૦. અંધ સંત ભગવત્સ્વરૂપદાસને મેડા પરથી નીચે પછાડ્યા. ૫૩

૧૧. વિનુભગતે યોગીજી મહારાજની પગની પીંડીના ઘા બાબત પૂછ્યું - કોઈને નહીં કહેવાની શરતે વિજ્ઞાનદાસ સ્વામીએ આપેલાં કષ્ટોની વાત કરી. ૫૫

૧૨. ડાંગરામાં રણછોડ ભક્તના કારજ પ્રસંગે ગાળોની વર્ષા અને માર. ૫૬-૫૭

૧૩. ગુરુની ગાળો, માર વચ્ચે પણ યોગીજી મહારાજની સહનશીલતા, નિર્માનીપણું અને ક્ષમાભાવનાના ગુણો ઉપસી આવે છે. ૫૭

૨. **પંચવર્તમાને શૂરાપૂરા યોગીજી મહારાજ**

(૧) **નિ:સ્નેહી :-**

૧. ત્યાગીની દીક્ષા પછી કૃષ્ણચરણ સ્વામીનું મંડળ ધારી જતું હતું. યોગીજી મહારાજ એક સાધુ સાથે કુંકાવાવથી જૂનાગઢ પાછા પધારી ગયા. ૨૫

૨. 'એ તો ગુણાતીત પુરુષ છે અને એ કોઈ રીતે તેમને ભેગા નહીં થાય.' - શાસ્ત્રીજી મહારાજ કમળશીભાઈને. ૯૦

૩. 'અમારે આશીર્વાદ ન અપાય. બાલમુકુન્દ સ્વામી પાસે જાવ.' યોગીજી મહારાજ - ગુણવંતભાઈને. ૯૧

૪. 'મારું ગામ બ્રહ્મગામ. બ્રહ્મમહોલ છે. બીજું તો સળગી ગયું. સંસ્કૃતમાં બોલાય પણ ગુજરાતીમાં ન બોલાય.' - યોગીજી મહારાજ યુવકને. ૯૧

૫. 'અમથી (અમારાથી) તો એનાં ઝાડવાં પણ ન જોવાય.' - યોગીજી મહારાજ

૬. 'જોગીના કુળ અને નદીના મૂળ સુધી ન જવું.' યોગીજી મહારાજ. ૯૨

૭. 'મારે ગામ નથી. મારે જાત નથી. હું બ્રહ્મ છું.' ધારીના વતનીને યોગીજી મહારાજ. ૯૩

૮. 'જન્મ સ્થાનનો પ્રસંગ ન વાંચવો.' કોઠારી સ્વામીને કરેલી આજ્ઞા. ૯૩

૯. હરિલાલ મગનલાલ ડ્રેસવાળાની વાત સાંભળતાં જ કીર્તન ઉપાડ્યું. ૯૩

(૨) **નિષ્કામ :-**

૧. અંબુભાઈ હીરાલાલ બાળકીને આશીર્વાદ અપાવવા લઈને આવ્યા. 'મહારાજે આપણો સ્વાદ ટાળ્યો !' યોગીજી મહારાજનો ઉદ્ગાર. ૯૪

૨. નૈરોબીમાં પ્લેનના કેપ્ટને મહિલા મુસાફરોને વિનંતી રૂપે ઊતરી જવાની કરેલી જાહેરાત. ૯૫

૩. ભાયાવદરમાં શોભાયાત્રામાંથી ઉતારે આવતાં બાળકી અડી જતાં ઉપવાસ. ૯૫

(૩) **વૈરાગ્ય :-** ૧. 'અમારે સાધુને શાલ દુશાલા ન ઓઢાય. શિક્ષાપત્રીની આજ્ઞા છે. માટે આ શાલ મહારાજને ખૂબ શોભશે.' આણદાશ્રમના મહંતને. ૯૬

૨. માટુંગામાં પોદાર કોલેજના હોલમાં કૃષ્ણાશંકર શાસ્ત્રીજીની ભાવપૂર્તિ સુંદર રેશમી વસ્ત્રનો વિનયપૂર્વક કરેલો ત્યાગ. ૯૬-૯૭

૩. નૈરોબીના ઠંડા વાતાવરણમાં પણ ગરમ શાલ કિંમતી હોય તેવી શંકાથી ઓઢવાની આનાકાની. ૯૭

૪. નૈરોબીમાં દીનુ ભટેસાએ લાવેલાં હાથ-પગના ગરમ મોંજાનો અસ્વીકાર. ૯૮

૫. પાલીતાણાના ઠાકોર સાહેબે ફઈબા સાહેબની ઈચ્છા પ્રમાણે ચાંદીના ગ્લાસમાં દૂધ આપ્યું. તે બાપાએ ઠાકોરજીનું પ્રસાદીનું કરીને પાછું આપી દીધું. ૯૮

૬. 'જો અમે ઝીણાં પહેરીએ તો આખો સંપ્રદાય ઝીણાં પહેરવા માંડે.' મધુ ભગતને - યોગીજી મહારાજે. ૯૯

૭. 'આજથી મારો સાધુતાનો વટ ઉતરી ગયો.' સિત્તેર વર્ષ હરિભક્તોના આગ્રહથી ખાટલામાં પોઢ્યા ત્યારે. ૧૦૦

(૪) **નિ:સ્વાદ :-**

૧. જીંદગીમાં પહેલીવાર બદામ ખાધી ! કોઈ દી ખાધેલી નહીં. વાંધો તો નહીં ને ? ડૉ. ભગુભાઈને. ૧૦૧

૨. દેહને ટકાવવા માટે જ અન્ન લેતા. મીઠાઈ અને દૂધ લેતાં જ નહી. ૧૧૫

(૫) **નિર્માની :-**

૧. 'અમારા પંચવર્તમાનમાં ફેર હોય તો તમારા જોડા લાવીને મારા માથામાં મારો.' - યોગીજી મહારાજ. ૧૦૭

૨. દાસત્વની મોટપ લેવી છે. એ મોટપ મેદાનમાં પડી છે. ૧૦૮

૩. 'મને તો પૂજાવાનો અંકુર પણ નહીં આ હું નિષ્કપટ ભાવે કહું છું.' ૧૦૮

૪. પહેલેથી સેવક ધર્મ, ગુરુ ધર્મ નહીં. ગુરુ થવું ગમે જ નહિ. ૧૦૮

૫. મને કોઈને વિષે મનુષ્યભાવ આવે જ નહીં. આપણે તો દાસાનુંદાસ. ૧૦૮-૧૦૯

૬. કોઈ મને મારી ભૂલ દેખાડે તે મને ગમે. ૧૦૯

૭. ૧૪ વર્ષના ઘનશ્યામ ભગતને દંડવત્ કર્યા. ૧૦૯-૧૧૦

૮. ખુશાલ કાકાને આજ્ઞા - સાદા પાણીથી જ સ્નાન કરાવો. ૧૧૦

૯. પ્રેમી હરિભક્તે દૂધનો અભિષેક કરતાં તેવું ક્યારેય ન કરવા માટે પાણી મૂકાવ્યું. ૧૧૦
૧૦. વડતાલ મંદિરમાં હાર પહેરાવવા આવેલા હરિશ્ચંદ્રભાઈને મંદિરની બહાર હાર પહેરાવવાની વાત કરી ઠાકોરજીની સંપૂર્ણ મર્યાદા જાળવવાની વાત. - આત્મનિવેદનમાં કહ્યું, 'હું ફોશીનો કટકો.' ૧૧૧
૧૧. અમૃત્ત મહોત્સવની જયંતિ પ્રસંગે સભા પછી તરત જ ભાજી તોડવાની સેવા કરતાં પ્રેમપ્રકાશ સ્વામી સાથે આત્મીય ગોઠડી કરવા લાગ્યા. - આ હાથીએથી ઉતર્યા એ જ આરામ. ૧૧૨
૧૨. 'આપણે તો સેવા કરીએ પણ શાસ્ત્રીજી મહારાજ, પ્રમુખસ્વામીનું નામ આગળ આવે એમાં બહુ રાજી.' ગોંડલ છાત્રાલયના નામકરણ વિષે યોગીજી મહારાજનો અભિપ્રાય. ૧૧૩
૧૩. 'ભૂતિયા કોઠા (ગોંડલની હદ) સુધી ગાડું મોકલો તો સારું.' અક્ષર મંદિરના મહંત યોગીજી મહારાજની કોઠારીને વિનંતી. ૧૧૩
૧૪. 'તમે પ્રાર્થના કરો અને આશીર્વાદ આપો. હું પણ પ્રાર્થના કરું.' - કોઠારી હરજીવનદાસને યોગીજી મહારાજ. ૧૧૩
૧૫. 'એમને કોઈએ કંઈ કરવાનું કરવાનું નથી.' દંભી સંતને ક્ષમા. ૧૧૪
૧૬. ક્રોધ અમારી દુકાનમાં જ નથી ! દુકાનમાં જે માલ ન હોય તે ક્યાંથી નીકળે ? ૧૧૫
૧૭. યોગીજી મહારાજે ડૉ. રમણભાઈનો હાથ તરછોડી દીધો. અભાવ-અવગુણમાં ન પડવાનો સિદ્ધાંત. ૧૧૫

**૩. યુવકો મારું હૃદય છે.**

૧. નારાયણભાઈ પટણી, 'દોહ્યલા મળવા દાસ, ભલા ભક્ત ભગવાનના. જગતની ગંધ કાઢી નાખવી છે.' ૧૬૧
૨. યુવક ખોડાભાઈને ડાંગરા આવવા આજ્ઞા. પોતાની ગાડીમાં સંકડાઈને પણ જગા કરી આપી. ૧૬૨
૩. યુવકોને પ્રેમથી રાખે, રમાડે જમાડે ઉપદેશ આપી પ્રેમપાશમાં જકડી પોતાના કરી દેતા. ૧૬૪
૪. ભાદરામાં આનંદ પર્યટનના આયોજનમાં યુવકો સાથે રોટલા ઘડવા બેસી ગયા. ૧૬૪
૫. યુવકોને પત્રો લખે. નિષ્કપટ થવા માટે પ્રેરે. ઉપવાસ આપી શુદ્ધ કરે. ૧૬૫-૧૬૭
૬. ખૂબ થાકેલા છતાં વિદ્યાનગરના ૬૦ યુવકો દર્શને - તેમને મળ્યા. - અંગ્રેજીનો પાઠ : ટુમોરો ફાસ્ટ ૧૬૮-૧૬૯
૭. મુંબઈ જેવા શહેરનો ત્યાગ કરીને આવનાર યુવકોને રાત્રે એકાંતમાં દંડવત્ પ્રણામ - નાનુભાઈ તથા બીજા યુવકોને સવારે ચાર વાગે જાતે પીરસીને જમાડ્યા. રસ્તામાં નાસ્તા માટે મગસ બાંધી આપ્યો. ૧૭૦
૮. ગઢડામાં સુવર્ણજયંતિ મહોતસ્વમાં ૫૧ નવયુવાનોને ભાગવતી દીક્ષા. ૧૭૩


**પ્ર.૧૧. નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર પ્રસંગો લખો.**
**(દરેકમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા) (કુલ ગુણ : ૬)**

**૧. સાત સમેલિયા સાધુ**


૧. અડાલજની વાવનો પગપાળા પ્રવાસ - છત્રીસ કિ.મી.નો પ્રવાસ - છતાં નિર્જળા ઉપવાસ - તપસ્વી જીવન. ૨૪
૨. ત્યાગ વૈરાગ્ય - બબ્બે દિવસ ઉપવાસ - સારી રસોઈ હોય તો યોગીજી મહારાજને ઉપવાસ હોય - કંતાનનું આસન - હાથનું ઓશીંકુ. ૨૫
૩. નિ:સ્પૃહી - વતનમાં ન જવાય એ નિયમ સારધાર પાળ્યો. - સેવા - સેવાનાં ક્ષેત્રો વધારવાની તમન્ના. ૨૬
૫. રસોઈ - ભંડારી સાધુ પાસેથી બધા પ્રકારની રસોઈ બનાવવાનું શીખી લીધું. ગુરુને રાજી કરવાની પ્રબળ તમન્ના - સર્વક્રિયા - ભક્તિરૂપ - કામ કરવાની રીતમાં પણ ભક્તિનું એક સ્વરૂપનાં દર્શન. ૨૬


**૨. સર્વધર્મ સમભાવ**


૧. પૂર્વભૂમિકા ૨૪૭
૨. કોઈ દેવ-દેવતાનો કે અવતારનો નિષેધ ન કરવો. સંપ્રદાય એક જ છે. એક જ બાપના દીકરા. ૨૪૮
૩. આણંદજી કલ્યાણજીના આમંત્રણથી તેમની પેઢી અને અપાસરામાં પગલાં કર્યા. ૨૪૮
૪. કાશીમાં કાશી વિશ્વનાથના મંદિરે - પંડાઓને રાજી કર્યા. ૨૪૯
૫. નૈરોબી શહેરના વિવિધ મંદિરોમાં દર્શને. ૨૪૯-૨૫૦
૬. સ્કોટલેન્ડ યાર્ડ પોલીસ રેશિયલ પ્રોબ્લેમ્બસના વડા અધિકારી મિ. પીટર લેંગલીને સ્વામીશ્રી જહોન માલ્કમનો અવતાર કહેતા. ૨૫૦

૭. બધા જ સંપ્રદાયોના આચાર્યો અને ધર્મધુરંધરો સાથે પ્રેમભર્યો સંબંધ ૨૫૦
૮. વૈષ્ણવાચાર્ય ગોસ્વામી દીક્ષીત મહારાજને પગે લાગવાની સર્વ સંતોને કરેલી આજ્ઞા. ૨૫૧
૯. પુરીમાં જગન્નાથપુરીના શંકરાચાર્ય નિરંજનદેવ સાથે સુભગ મિલન. ૨૫૨
૧૦. શરદ પૂનમના સમૈયા માટે વીરપુર જલારામ બાપાની ગાદીના વારસ ગિરધરલાલ બાપાને આમંત્રણ. ૨૫૨
૧૧. વડગામ રામ મંદિરના સ્વામી માધવાચાર્યજીનું સ્વામીશ્રીએ કરેલું સન્માન. ૨૫૪
૧૨. મુંબઈમાં શાસ્ત્રી પાંડુરંગ આઠવલેજીની તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠમાં સ્વામીશ્રી. ૨૫૫
૧૩. કૃષ્ણશંકર શાસ્ત્રીને ઓઢાડેલું ઉત્તરીય ૨૫૬

**૩. ઝીણાભાઈનો ગૃહત્યાગ**

૧. ધારી મંદિરમાં ઠાકોરજીની સેવામાં ઝીણાભાઈ -આંતરિક જીવનમાં સંપ્રદાયના મહાન સંતોનું પ્રેરણાબળ. ૧૧
૨. કુંકાવાવમાં ફોઈ માણેકબાને ઝીણાભાઈમાં સિદ્ધ પુરુષનો ભાસ. ૧૨
૩. કૃષ્ણચરણદાસ સ્વામીનો પ્રશ્ન : ઝીણા તારે સાધુ થવું છે ? ૧૩
૪. આપની ઇચ્છા છે તો મારા માતુશ્રીને સમજાવીને ઝીણાભાઈને આપની પાસે મોકલી દઈશ - કમળશીભાઈ. ૧૩
૫. ઝીણાભાઈ અને ફોઈ સાકરબાના પુત્ર જેરામનો ગૃહત્યાગ. ૧૪
૬. કમળશીભાઈનાં પત્ની નંદુબાની હૈયાધારણ. - માતાના આક્રંદને કારણે બન્ને પાછા લાવ્યા. ૧૪
૭. સાંસારિક પ્રવૃત્તિઓ વિસારે પાડી જડભરત જેવું જીવન કર્યું - કમળશીભાઈની પુરીબાને સમજાવવાની કોશિશ. ૧૫
૮. 'બા, મને પાછો કેમ લાવ્યાં ? મને જવા દ્યો. મારો ભવ સુધરી જશે. બા, મને રજા દ્યો.' ઝીણાભાઈની આર્દ્રભાવે પુરીબાને વિનંતી. ૧૫
૯. એક દિવસ પોતાની પાસે રહે તો રજા આપવાની પુરીબાની સંમતિ. ૧૬
૧૦. સંવત ૧૯૬૫ ના કારતક સુદિ છઠને દિવસે ઘણા સમય પછી ઝીણાભાઈનું ઘરમાં રાત્રિ રોકાણ. ૧૬
૧૧. સંવત ૧૯૬૫ કારતક સુદી સાતમે માતાના હાથનો કંસાર જમી વિદાય. ૧૭
૧૨. ભાઈ ! કુળની લાજ રાખજો. ત્યાગને દીપાવજો. શ્રીજીમહારાજ તમારી રક્ષા કરશે - કમળશીભાઈ ૧૭

**૪. વરસતો મેઘમલ્હાર**

૧. સભામાં હરિભક્ત શંભુસિંહને ઝોલું - ઝોલાંનાં પૈસા બેસે છે ? ૨૦૬
૨. અમદાવાદના હરિભક્ત અંબાલાલભાઈને 'ભલુ આવી' તે વાત પૂરી કરવાનું કહ્યું. ૨૦૭
૩. ગમે તેટલો ભીડો પડે મૂંઝાવું નહીં. આ ઉપદેશ માટે દાદાખાચરની ઘંટીમાં કાંકરાનો પ્રસંગ કહ્યો - સૂરદાસ પરાણે કથામાં આવ્યા. - હરિરસ ખારો - સત્સંગમાં રુચિ ન હોય અને પરાણે લાવીએ તો આવું થાય. ૨૦૮
૪. ભગવાન અને સંતમાં ગાઢ - અખંડ પ્રીતિ કરવાનો ઉપદેશ - દીકરાનો હાથ કમાડમાં કચરાણો - રાડ દરબારે (બાપે) પાડી. ૨૦૯
૫. સ્વામીશ્રીની વાણી, નિર્મળ, નિખાલસ, અહંભાવ રહિત. ૨૧૦
૬. મહામંડલેશ્વર કાશીકાનંદજીનો અભિપ્રાય - ''વાણીનો મહિમા શાસ્ત્રમાં ઘણો પણ તેનો પ્રભાવ આજે યોગીજી મહારાજને સાંભળતાં પ્રત્યક્ષ થયો - ઝામ્બિયાના નવા મુમુક્ષુ મિ. ઈરાનને યોગીજી મહારાજની વાણીથી અને તેમનાં દર્શનથી દિવ્ય શાંતિ - મોમ્બાસાના આફ્રિકન ભાઈ - અંગ્રેજી, ગુજરાતી, હિન્દી ન જાણે છતાં સભામાં - સ્વામીશ્રીએ તેમની સાથે ૧૫ મિનિટ વાત કરી. ૨૧૧
૭. 'વાતન કી વાત બડી કરામત' સૌ સ્વામીશ્રીની વાણીમાં તરબોળ - સત્સંગના પાકા રંગમાં રંગાઈ જાય. ૨૧૨

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ બે પ્રસંગ વર્ણવી મનન લખો. (કુલ ગુણ : ૬)**

**નોંધ : ૩ ગુણ પ્રસંગના અને ૧ ગુણ મનનનો આપવો. મનન અહીં આપ્યા કરતાં જુદું પણ હોઈ શકે પણ વિષયને અનુરૂપ હોય તો તેના પૂરેપૂરા ગુણ આપવા.**

**૧. યોગીજી મહારાજે પાલનપુરના એક યુવાનને કહેલું પોતામાં આવેલા સામર્થ્યનું રહસ્ય (૮૧)**

જ. ઇ.સ. ૧૯૫૬માં ટ્રેનમાં બોચાસણ - માર્ગમાં આવતાં દરેક સ્ટેશન પર દર્શન માટે ભક્તોની પડાપડી - પ્રથમ વર્ગમાં મુસાફરી કરતો પાલનપુરનો એક યુવક યોગીજી મહારાજની મુલાકાતે - યુવકનો પ્રશ્ન 'આપના તરફ સૌ

ખેંચાય છે. આવું સામર્થ્ય આપનામાં કેવી રીતે આવ્યું તે જાણવાની મારી ઇચ્છા છે.' - યોગીજી મહારાજ 'વાસણ ઘસવાથી આ પ્રાપ્તિ થઈ છે. અમારા ગુરુ શાસ્ત્રીજી મહારાજની કૃપાથી થઈ છે.' - યોગીજી મહારાજના જીવનમાં પ્રગટ થતું એ રહસ્ય હતું 'સેવાધર્મ'

**મનન :** કોઈ પણ સિદ્ધની પ્રાપ્તિ ગુરુકૃપા વગર થતી નથી. ગુરુકૃપાની સાથે અન્યની સેવા કરવાની ભાવના ભળે એટલે તેની પ્રાપ્તિ પણ સોનામાં સુગંધ જેવી હોય છે.

**૨. મુંબઈની સર્વોદય હોસ્પિટલમાં રાજુલાવાળા ભીખાભાઈની તબિયત જોવા યોગીજી મહારાજ પધાર્યા. (૨૪૧)**

જ. મુંબઇ ઘાટકોપરની સર્વોદય હૉસ્પિટલમાં રાજુલાવાળા ભીખાભાઈની તબિયત જોવા પધાર્યા. - સંચાલકો, ડૉક્ટરો, સ્વામીશ્રીના આશીર્વાદ મેળવવા એકત્રિત થયા.- દરેક દર્દીના ખાટલા પાસે પધારવા વિનંતી - વિનંતી માન્ય રાખી - હનુમાનજીના દર્શન 'બધાં દર્દીનાં દુઃખ દૂર કરી સૌને સાજાં કરજો.' - કાંતિભાઈ શેઠની વિનંતીથી કોઠારમાં 'ભંડાર ભરપુર રહેશે. મહારાજ ખૂટવા નહીં દે.' - 'કોઈને રોગ ન રહે તો કેવું સારું ! ભગવાન સૌનું ભલું કરો.' બધાં દર્દીઓ સાજાં થઈ જાય મહારાજ બધાને સાજાં કરશે.'

**મનન :** હંમેશા બીજાનું ભલું કરતાં અને ઇચ્છતા યોગીજી મહારાજ જ્યાં જાય ત્યાં તેમની કરુણા રેલાય છે. 'અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો, પરદુઃખહારી રે, વારી બહુનામીનો.'

**૩. અમદાવાદમાં એકાદશીના દિવસે યોગીજી મહારાજે કરેલી પધરામણી (૧૫૭)**

જ. ૭૦ વર્ષની ઉંમરે સ્વામીશ્રી ભક્તોને રાજી કરવા શરીરનાં કષ્ટનો જરા સરખો વિચાર કર્યા વગર પધરામણીમાં વ્યસ્ત રહેતા. ઈ. સં. ૧૯૬૦ના નવેમ્બરમાં કાર્તિક સુદ એકાદશીના દિવસે સવારે ૯-૩૦ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી પધરામણી કરીને મંદિરે પરત ફર્યા ત્યારે મંદિરમાં પણ દર્શન-સ્પર્શની પડાપડી થઈ. સ્વામીશ્રીને પોતાનું પંડ સાચવવું પડે એટલી હદ સુધી દર્શનની ધમાલ થઈ. ૧૦ થી ૧૫ મિનિટ આરામ કર્યો ત્યાં ફરીથી પધરામણીનું તેડું આવ્યું તે રાત્રે ૮-૧૫ વાગે મંદિરે પધાર્યા અને રાત્રે ૧૨ વાગ્યા સુધી કથાવાર્તા કરી.

**મનન :** ભક્તોને રાજી કેવી રીતે કરવા એ એક જ તાન યોગીજી મહારાજને હતું. પોતાની ઉંમરનો, શરીરના કષ્ટનો કે બીજો કોઈ વિચાર તેઓ કરતા નહિ.

**૪. જેતપુરના ખોડાપરામાં રાજાભાઈ મોચીને ઘેર યોગીજી મહારાજ પધાર્યા (૧૩૮-૧૩૯)**

જ. ઈ.સ. ૧૯૬૭માં જેતપુરના ખોડાપરામાં સ્વામીશ્રી રાજાભાઈ રાઠોડને ઘેર પધાર્યા. - પંદર-વીસ હરિભક્તોના ખબર અંતર પૂછ્યા - અન્નકૂટનો પ્રસાદ આપ્યો. - દરવર્ષે પ્રસાદ મળે છે કે નહિ તેની પૂછપરછ - બાપા આટલા વર્ષે આજે પ્રસાદ મળ્યો - બાલમુકુંદસ્વામીને મીઠો ઠપકો - રાજાભાઈની સંભાળ રાખવા માટે ભલામણ - અમારે જ્યારે ઊતરવા માટે કાંઈ ઠેકાણું ન હતું ત્યારે રાજાભાઈએ અમને આઠ દિવસ રોક્યા હતા.

**મનનઃ** ભગવાન અને સંત ક્યારેય કોઈનું પણ કરેલું ભૂલતા નથી. દ્રોપદીએ એક પાટો બાંધ્યો તો એક એક તારની એક એક સાડી કરીને પાછી વાળી. તેમ ભગવાન અને સંત અનેક ઘણું કરીને પાછું વાળે છે.

**પ્ર. ૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (સામાન્ય જ્ઞાન નિબંધ)**
**(પાંત્રીસથી ચાલીસ લીટીમાં) (કુલ ગુણ : ૧૫)**

**નોંધ :- નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણાં પાસાને આવરી શકાય છે. જેવા કે મૌલિકતા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

**૧. આધુનિક દુનિયાની સાતમી અજાયબી - સ્વામિનારાયણ અક્ષરધામ; દિલ્હી :** (૧) સ્વામિનારાયણ અક્ષરધામને દુનિયાની સાત અજાયબીઓમાં સ્થાન. (૨) સ્વામીશ્રી દ્વારા તમામ કાર્યો અદ્વિતીય - બેજોડ - સંસ્થાના મંદિરો, સ્મારકો, સંતો, સંસ્થાની પ્રવૃત્તિઓની વણઝાર - આ બધું અદ્વિતીય - દિલ્હીનું અક્ષરધામ પણ સ્વામીશ્રીનું બેમિસાલ સર્જન - જેની તુલના જ ન થઈ શકે તેવું. (૩) અક્ષરધામમાં તૈયાર કરેલા પ્રદર્શનો - દરેક પ્રદર્શનનો અલગ સંદેશ, નીલકંઠવર્ણી યાત્રામાંથી સંદેશ - ગમે તેવા કઠિન સંજોગો, પરિસ્થિતિ, વાતાવરણ સામે લડી લેવાની પ્રેરણા, લોભ-લાલચનો ત્યાગ, ધ્યેય-નિષ્ઠા-યુવાનોનો આદર્શ - (પ્રસંગો લખી શકાય) ભારતીય સંસ્કૃતિની ગાથા

ગાતું પ્રદર્શન - ભલભલા આપણી પ્રાચીન સંસ્કૃતિ, વિદ્યાઓ વગેરે નિહાળીને દંગ રહી જાય. અર્વાચીન વિકસિત શોધોની સરખામણીમાં પણ આપણી તમામ શોધ વૈજ્ઞાનિક સદીઓથી આગળ - (આ વિદ્યા સંસ્કૃતિ શોધોનું વર્ણન કરી શકાય.) (૪) સત્ય, અહિંસા, નીતિમત્તા અને પ્રામાણિકતાના પાઠ ભણાવતું - સંદેશો આપતું પ્રદર્શન - આ પ્રદર્શનોથી અનેક દર્શકો પ્રભાવિત - પ્રેરણા પામ્યા - (પ્રસંગો લખવા) કોઈએ વ્યસનો મૂકવાની પ્રતિજ્ઞા લીધી, સંકલ્પો કર્યા - સ્વભાવો છોડવાની પ્રતિજ્ઞા - ધર્મને માર્ગે ચાલવાના સંકલ્પો - (પ્રસંગો લખવા) **(૫)** સૌથી મોટી વિશષેતા ગુરુના સંકલ્પ - મુજબનું સર્જન તૈયાર કરવા માટે ત્રણ ત્રણ દાયકાઓ સુધી પણ રાહ જોઈને તે મુજબ જ ફક્ત પાંચ વર્ષના ગાળામાં જ તૈયાર - જમુનાજીને કાંઠે જ મંદિર કરવાનો સંકલ્પ પૂર્ણ - આદર્શ શિષ્યની અજોડ ગાથા. સાતમી અજાયબી જ નહિ પણ એવી અજબ અજાયબી. (૬) અક્ષરધામને ગ્રીનીઝ બુકમાં સ્થાન - આટલું ભવ્ય - આટલું વિશાળ - દિવ્ય, સ્મારક - દિવ્ય સંકુલ - વિશ્વભરમાં પણ નથી તે માટે ૨૧મી સદીની સાત અજાયબીઓમાં સ્થાન. (૭) ઉપસંહાર

૨. **પ્રશ્નોપનિષદ : પ્રસ્તાવના** - મનુષ્ય શરીર ધર્મનુ પહેલું અગત્યનું સાધન - માટે તેની જાળવણી આવશ્યક - નાશવંત દેહથી અવિનાશી ફળ લેવાની કરામત આ ઉપનિષદમાં - શરીર કેવળ ઉપભોગનું સાધન નહીં પણ મોક્ષના સાધન તરીકે જોવાની દૃષ્ટિ આ ઉપનિષદમાં. **પરિચય** : (૧) આ ઉપનિષદનો સમાવેશ અથર્વવેદમાં - આર્થ- વણિક બ્રાહ્મણ ગ્રંથોની પિપ્પલાદ નામની શાખામાં આ ઉપનિષદનો પાઠ છે. શિષ્યો દ્વારા છ વિશિષ્ટ પ્રશ્નો અને તેના વિશિષ્ટ ઉત્તરોનું સંકલનરૂપે આ ઉપનિષદ - તેથી પ્રશ્નોપનિષદ. (૨) આખ્યાયિકા અસાધારણ કક્ષાના જ્ઞાનવાળા છ ઋષિકુમારો તત્ત્વ જિજ્ઞાસુ થઈને પિપ્પલાદ ઋષિનું શિષ્યત્ત્વ સ્વીકાર્યું. - બ્રહ્મપરાયણ થઈને પરબ્રહ્મની ઉપાસના કરવા પ્રયત્ન કરતા આ શિષ્યોને પિપ્પલાદજીએ સ્વીકાર્યા, પરંતુ એક વર્ષ સુધી તેઓને તપ, બ્રહ્મચર્ય, શ્રદ્ધા વગેરે ગુણોના વિકાસ માટે, અંતઃકરણની નિર્મળતા માટે આશ્રમમાં રહેવા જણાવ્યું - શિષ્યો દ્વારા આ સાધનાનો સ્વીકાર - એક વર્ષની પૂર્ણ સાધના બાદ શિષ્યોને પ્રશ્ન પૂછવાના અધિકારની પ્રાપ્તિ. (૩) પ્રથમ પ્રશ્નઃ કબન્ધી નામના શિષ્યનો પ્રથમ પ્રશ્ન - (પ્રશ્નઉપનિષદ - ૧/૩) 'જે જન્મે તેને પ્રજા કહેવાય - હે ગુરુદેવ ! આ શરીરનો નિર્માતા કોણ છે ? - મહર્ષિ પિપ્પલાદનો સીધો અને નિશ્ચિત ઉત્તર 'વત્સ્ ! આ દયાળુ પરમાત્મા દ્વારા જ ઉત્પન્ન થયેલાં આપણાં શરીરોને પોષવા સૂર્ય-ચંદ્ર જેવી ઉપયોગી વસ્તુઓનું નિર્માણ તેના દ્વારા ઔષધિ-વનસ્પતિ પોષાય - એ જ પરમાત્મા દિવસ અને રાત્રિ, શુકલ પક્ષ અને કૃષ્ણ પક્ષ, ઉત્તરાયણ અને દક્ષિણાયણ તથા સંવત્સર જેવા સમયવિભાજન કરીને આપણી શરીરયાત્રાને આગળ ધપાવે છે - શિષ્ય કબંધી આ જવાબથી સંતુષ્ટ. (૪) દ્વિતીય પ્રશ્ન : સૂર્ય-ચંદ્ર જેમ બહારથી શરીરનું પોષણ તેમ અંદરથી પણ એવું પરમાત્મા દ્વારા આયોજન - વિદર્ભ ઋષિના પુત્ર ભાર્ગવ દ્વારા દ્વિતીય પ્રશ્ન : 'હે ગુરુદેવ ! કેટલા દેવો આ શરીરોને ટકાવી રાખે છે ? કોણ તેને પ્રકાશિત કરે છે ? અને વળી એ બધામાં શ્રેષ્ઠ કોણ છે ? પિપ્પલાદજી ઉત્તર આપે છે : પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો તથા ચાર અંતઃકરણ વગેરે ભેગા થઈને આ શરીરને ધારણ કરે છે અને પ્રકાશિત કરે છે. આ બધામાં જે 'પ્રાણ' કહેતાં જે પ્રાણવાયુ છે તે જ સર્વથી શ્રેષ્ઠ કારણ પાંચ કર્મેન્દ્રિયોમાંથી એકાદ ન હોય તો પણ શરીર ટકી શકે છે પણ પ્રાણવાયુ ન હોય તો શરીરનું અસ્તિત્વ જ નથી માટે હે શિષ્ય ! પરમાત્મા એ નિર્માણ કરેલ પ્રાણવાયુને લઈને જ આ શરીર યાત્રા નિર્ભર. (૫) તૃતીય પ્રશ્ન : તૃતીય પ્રશ્ન કૌશલ દ્વારા (પ્રશ્નોપનિષદ - ૩/૧) હે ગુરુદેવ ! શરીરમાં પ્રમુખ સ્થાન ધરાવતા આ પ્રાણની કહેતાં પ્રાણવાયુની ઉત્પત્તિ ક્યાંથી થાય છે ? તેનો આ શરીર સાથે સંબંધ કઈ રીતે થાય છે ? વળી, સમગ્ર શરીરમાં તે કઈ રીતે વિભાજીત થઈને કાર્ય કરે છે ? મહર્ષિ પિપ્પલાદનો ઉત્તર (પ્રશ્નોપનિષદ - ૩/૩) સમગ્ર શરીરને ધારણ કરવા સક્ષમ એવા પ્રાણનું સર્જન સ્વયં પરમાત્મા દ્વારા - જીવનકાળ પર્યંત તેના શરીર સાથેનું જોડાણ - સુંદર રૂપક આપીને સમજાવતાં મહર્ષિ કહે છે કોઈ સમ્રાટ દ્વારા તેના પ્રદેશોમાં અધિકારીઓની નિમણૂક - તે રીતે મુખ્ય પ્રાણ દ્વારા પ્રાણની શરીરના જુદા જુદા ભાગોમાં નિયુક્તિ. (૬) ચતુર્થ પ્રશ્ન : સૌત્રાયણી નામના શિષ્ય દ્વારા ચતુર્થ પ્રશ્ન - 'હે ભગવન ! મનુષ્ય જ્યારે નિદ્રાધીન થાય છે ત્યારે કઈ શક્તિઓ સૂઈ જાય છે ? કઈ જાગતી રહે છે ? નિદ્રા સમયે સ્વપ્નો જોનાર કોણ છે ? નિદ્રાના સુખને કોણ ભોગવે છે ? અને આ બધા કોના આધારે ટકી રહે છે ? સચોટ દાખલા માટે મહર્ષિનો પ્રત્યુત્તર - 'જેમ સૂર્યના અસ્ત થતાં તેની સાથે જ તેના કિરણો દ્વારા પોતાનો સંકેલો - તેમ નિદ્રા સમયે બધી જ ઇન્દ્રિયો દ્વારા

પોતાની કાર્યવાહીનો સંકેલો - છતાં પણ પંચ પ્રાણનો વિભાગ સતત જાગ્રત - શ્વાસોશ્વાસ ચાલુ રહે છે - નિદ્રામાં સ્વપ્નનો અનુભવ - પણ ગાઢ નિદ્રામાં હોય ત્યારે સ્વપ્ન પણ ન આવે - આ સુષુપ્તિ અવસ્થા - જેમ પક્ષીઓ દિવસભર ગમે ત્યાં ઉડીને સાયંકાળે વૃક્ષ પર માળામાં નિરાંતે નિદ્રા - તેમ નિદ્રા સમયે બધાનું આશ્રયસ્થાન અક્ષરાધિપતિ પરમાત્મા નિદ્રાનું સુખ તેમ જ જાગરણ સમયે જૂનું જ્ઞાન સાથે જગાડે છે. (૭) પંચમ પ્રશ્ન : હે ગુરુદેવ ! જો કોઈ મનુષ્ય ૐ કારનું આલંબન લઈ ધ્યાન કરે તો તેને કેવા લોકની પ્રાપ્તિ થાય ? કેવું ફળ મળે ? (પ્રશ્ન ઉપનિષદ ૫/૧) આધ્યાત્મિક દૃષ્ટિએ સિદ્ધાંતની આ પ્રશ્નમાં વાત - તેથી ૐ કારના અર્થની સ્પષ્ટતા - હે સત્યકામ ! ૐ કારના ખરેખર બે અર્થ છે. એક છે પરં બ્રહ્મ કહેતાં પરમાત્મા અને બીજો છે અપરં બ્રહ્મ કહેતાં પરમાત્માથી જુદા અને ન્યૂન એવા અક્ષરબ્રહ્મ. અર્થાત્ ૐ કાર અક્ષર અને પુરુષોત્તમ એવા બે દિવ્યસ્વરૂપોનો વાચક શબ્દ - માટે ધ્યાન કરવા બેસતી વખતે તેના આ દિવ્ય અર્થના અનુસંધાનની આવશ્યકતા - શાબ્દિક ધ્યાનથી સંપૂર્ણ ફળ અશક્ય - સમજણપૂર્વકના ધ્યાનનું દિવ્ય ફળ - તેથી જ સાચો વિદ્વાન ૐ શબ્દથી કહેવાતા અક્ષર અને પુરુષોત્તમ બંને તત્ત્વોને જાણે છે. ધ્યાન કરવા બેસે ત્યારે બંનેમાંથી કોઈપણ એક સ્વરૂપમાં જોડાણ - પરમાત્માનું ધ્યાન અથવા જેમનામાં એ પરમાત્માનો નિવાસ છે એ અક્ષરબ્રહ્મનું ધ્યાન - એટલે પ્રગટ ગુરુહરિ. આમ, પ્રગટ બ્રહ્મસ્વરૂપ ગુરુહરિના ધ્યાન-માનસીમાં સિદ્ધાંતની સ્પષ્ટતા - જેમ સાપ કાંચળી ઉતારે તેમ આ રીતે ધ્યાન કરનાર ઉપાસક પાપ માત્રથી શાંતિનો અનુભવ - અંતે અક્ષરધામની પ્રાપ્તિ (પ્રશ્નોપનિષદ ૫/૫) અને અક્ષરથી પર પુરુષોત્તમનો સાક્ષાત્કાર - આ જ આધ્યાત્મ સાધનાનું સાચું રહસ્ય. (૮) છઠ્ઠો પ્રશ્ન : પ્રસંગ કહીને પ્રશ્નની રજૂઆત સુકેશા નામના શિષ્ય દ્વારા હે ગુરુદેવ ! હિરણ્ય નામના રાજપુત્ર દ્વારા મને પ્રશ્ન - શું તું સોળ કળાવાળા પુરુષને જાણે છે ? હું આ બાબતથી અજ્ઞાન - તેથી ઉત્તર ન આપ્યો - પરંતુ આપ સોળ કળાવાળો એ પુરુષ કોણ છે તે મને જણાવો. (પ્રશ્ન ઉપનિષદ ૬/૧) (૯) ઉપસંહાર - મહર્ષિ પિપ્પલાદજી દ્વારા ઉપસંહાર - પરબ્રહ્મ કરતાં કોઈ તથ્ય શ્રેષ્ઠ નથી - (પ્રશ્નોપનિષદ ૬/૭) - શિષ્યો દ્વારા કૃતજ્ઞતાપૂર્વક અર્ચના - તમે અમારા પાલક પિતા સમાન - પુત્રની જેમ વાત્સલ્ય સભર ઉપદેશ - હિતકારી વાતનો તત્વજ્ઞાન દ્વારા ઉપદેશ - માટે વારંવાર નમસ્કાર. (પ્રશ્ન ઉપનિષદ - ૬/૮) આમ, પ્રશ્નોપનિષદ દ્વારા આ શરીર એ મોક્ષનું સાધન નહિ કે ભોગવિલાસનું - ધ્યાનનું માર્ગદર્શન - ગુરુશિષ્યની ગોઠડી આધ્યાત્મ માર્ગમાં ઉપયોગી - સર્વાવધાર પરમાત્મા છે એવા જ્ઞાનથી દૃઢતા.

૩. **સત્સંગ વિકાસની જડીબુટ્ટી - સંપ, સુહૃદભાવ અને એકતા :** (૧) કોઈપણ ક્ષેત્રનો વિકાસ સાધવો હોય તો તેમાં સંપ, સુહૃદભાવ અને એકતા આવશ્યક - કહેતાં કે આ વિકાસ સાધવાની જડીબુટ્ટી. (૨) સત્સંગના વિકાસ માટેના પ્રયાસો, અનેક સાધનો પણ તેમાં સંપ, સુહૃદભાવ અને એકતા મુખ્ય. સંપની વ્યાખ્યા : અંદર અંદર સહેજ પણ મતભેદ કે મનભેદ ન હોય અને ગુરુની આજ્ઞામાં ટૂક ટૂક વર્તવું. સુહૃદભાવ એટલે એકબીજાની સેવા, ક્રિયા પોતાની સમજીને કરી લેવી. એકબીજાને મદદરૂપ થવું અને એકતા એટલે ? જો એકતા ન હોય તો શું થાય ? તે પરિસ્થિતિ આપણે ઇતિહાસમાંથી જાણીએ જ છીએ. (૩) સંપ, સુહૃદભાવ અને એકતાથી દરેક ક્ષેત્રમાં વિકાસ તો થાય જ પરંતુ સત્સંગનો વિકાસ તો આ ત્રણ પરિબળ વગર શક્ય જ નથી. સંપ માટે સ્વામીની વાતો, ગુરુપરંપરાના વચનો શ્રીજીમહારાજનાં વચનામૃતોમાં જણાવેલ વચનો વગેરે આપી શકાય. (પ્રસંગો લેવા) (૪) આપણે ઉત્સવો, સમૈયાઓ શાથી નિર્વિઘ્ને પતે છે તેનું મુખ્ય પરિબળ આ ત્રણ અંગ છે. દરેક વિભાગ એકબીજા વિભાગ સાથે સંપ રાખીને કાર્ય કરે છે - એક વિભાગનું કાર્ય બીજા વિભાગો કરી લે છે. અને આ બધા વિભાગોનું કાર્ય સંકલન સમિતિ દ્વારા - અને સૌથી વિશેષ સ્વામીશ્રીની રુચિ, રાજીપો મેળવવા માટે સૌ એકતા રાખીને કાર્ય કરે છે. (પ્રસંગો લખવા) દરેક સમૈયામાં થયેલ અનુભવો તેની ફળશ્રુતિ લખી શકાય. સંતો, હરિભક્તો અને કાર્યકરો એકબીજાની સાથે આ રીતે રહે છે તેથી સત્સંગનો વિકાસ ઝડપી બન્યો. ઇષ્ટદેવને તથા ગુરુને રાજી કરવા માટે સૌ રાજી થઈને સંપ, સુહૃદભાવ, એકતા રાખીને દરેક કાર્ય કરે છે, આજ્ઞા પાળે છે અને રુચિમાં ભળે છે. (૫) તેથી જ સત્સંગનો વિકાસ થયો છે. તેની આ જડીબુટ્ટી છે. - ઉપસંહાર.

❑ ❑ ❑